# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-12-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાજ્યના મુખ્યમંત્રી આવતીકાલે ધોરડોની મુલાકાતે:

કચ્છના ધોરડો ખાતે 23 નવેમ્બરથી શરૂ થયેલા વિશ્વ પ્રસિધ્ધ રણોત્સવમાં પુર્ણ ચંદ્રનું આકર્ષણ માણવા આવતીકાલે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પધારશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે સાંજે ધોરડો પહોંચશે અને રણોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. તેમની હાજરીને પગલે આ સાંસ્કૃતિક કાર્યક્રમને વધુ ભવ્ય અને આકર્ષક બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસન વિભાગ મુખ્યમંત્રીના પ્રવાસનને લઈને સજ્જ બન્યુ છે.

-----------------------------------------------------------------------------------------

## SIR રાજ્યની સ્થિતિ:

સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરાઈ છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11 મી ડિસેમ્બર સુધી ચાલશે.2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યુ છે. રાજ્યના 33 જિલ્લા પૈકી મોટા ભાગના જિલ્લાઓમાં 100 ટકા ફોર્મ વિતરમ સંપન્ન થયુ છે. તેમજ પરત આવલા ફોર્મની ડિઝીટલાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે પૈકી કુલ ચાર વિધાનસભા મત વિસ્તારમાં ડિઝિટલાઈઝેશનની કામગીરી 100 ટકા પુર્ણ થઈ ચુકી છે.ગણતરી દરમ્યાન 16 લાખ જેટલા અવસાન પામેલા મતદાર,4 લાખ 40 હજારથી વધુ મતદાર તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા તો, 23 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિ થયા હોવાનું ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત 2 લાખ 82 હજાર થી વધુ મતદાર બેવડાતા હોવાનું સામે આવ્યુ છે.

-----------------------------------------------------------------------------------------

## માંડવી-નખત્રાણા તાલુકાને જોડતો માર્ગ મજબુતીકરણ પુર્ણ:

રાજ્ય સરકાર દ્વારા રસ્તાના મજબુતીકરણ અને સમારકામની કરાઈ રહેલી કામગીરી અંતર્ગત જિલ્લાના માંડવી અને નખત્રાણા તાલુકાને જોડતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા મજબુતીકરણની કામગીરી પુર્ણ કરાઈ છે. માંડવી થી ગઢશીશા,મંગવાણા યક્ષ રસ્તાની 24 કરોડ રૂપિયાના ખર્ચે મજબુતીકરમની કામગીરી પુર્ણ થતાં અકસ્માતોનું જોખમ ઘટશે તથા સ્થાનિક લોકોને વધુ સારી સુવિધા મળશે.

---

## દત્ત જયંતિ ઉજવણી:

દત્ત જયંતિ અવસરે કચ્છના પ્રખ્યાત કાળા ડુંગર પર થનાર ઉજવણી અંતર્ગત ભુજમાં રામ દરબાર પાસેથી પદયાત્રાનો પ્રારંભ સંતો અને અગ્રણીઓના ઉપસ્થિતિમાં કરાયો હતો. આ પદયાત્રા આજે રાત્રે કાળા ડુંગર પર પહોંચશે જ્યાં આરાધી વાણીનો કાર્યક્રમ યોજાયો છે. અહીં ત્રણ દિવસ માટેની કકરવાના બ્રહ્મલીન સંત કૈલાશપુરીજીના શિષ્ય મંડળ દ્વારા ભંડારો શરૂ કરાયો છે,જેમાં સવારે ચા નાસ્તો ફરાળ અને બંને ટાઈમ જમવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

---

## દિવ્યાંગ દિવસની અદાણી ફાઉન્ડેશન દ્વારા કરાયેલી ઉજવણી:

મુંદરા ખાતેના અદાણી ફાઉન્ડેશન દ્વારા આજે દિવ્યાંગ દિવસ-2025ની ઉજવણી સામાજીક પ્રગતિને આગળ વધારવા માટે દિવ્યાંગ સમાવેશી સમાજોના વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદેશ્ય સાથે ઉજવણી કરાઈ હતી. નાના કપાયા ખાતે કરાયેલી આ ઉજવણી અંતર્ગત ઉપસ્થિત 70 જેટલા દિવ્યાંગોને સરકારશ્રીને વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કરાયા હતા.આ કાર્યક્રમ દરમિયાન 25 જેટલા દિવ્યાંગોને ટ્રાઈસિકલ અને વ્હીલચેર જેવા સાધનોનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું.

---

## અકસ્માત:

ભચાઉ નજીક નવી મોટી ચિરઇ ગામ પાસે આજે વહેલી સવારે સર્જાયેલી એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટનામાંબે શ્રમિકોના મોત નિપજ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ ભચાઉ પાસેની કંપનીમાં નાઇટ શિફ્ટ પૂરી કરીને ૧૫ થી ૧૭ જેટલા શ્રમિકો ટેમ્પોમાં બેસીને જઈ રહ્યા હતા. આ દરમિયાન, સિમેન્ટના પાઇપ ભરેલા એક ટ્રકે પાછળથી ટેમ્પોને ટક્કર મારતાં ટેમ્પો પલટી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં બે શ્રમિકોએ સ્થળ પર જ જીવ ગુમાવ્યો હતો, જ્યારે ત્રણ શ્રમિકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા.

---------------------------------------------------------------------------------------------

## ચકારપુલ નવો બનતાં લોકોમાં ખુશી:

ભુજ તાલુકાના ચકાર ગામનો ચકાર પુલ સવા ત્રણ કરોડના ખર્ચે નવો બનતાં ત્રણ તાલુકાના લોકોમાં ખુશીફેલાઇ હતી. ભૂખી નદીપટ પર વર્ષો અગાઉ કચ્છ જિલ્લા લોકલ બોર્ડ દ્વારા બંધાયેલો પુલનીચેથી જર્જરિત બન્યો હતો. ભુજથી મુંદરાના લફરા, કુંદરોડી, અંજારના ખંભરા, ખેડોઇ પંથકના ગામડાઓના લોકો આરસ્તે મોટા પ્રમાણમાં અવર-જવર કરે છે. ચકાર, જાંબુડી, કોટડા, બંદરા, વરલીનાલોકો માટે અવર-જવર માટે આ પુલ જીવાદોરી સમાન છે. ભુજથીમુંદરા, અંજાર સહિત ત્રણ તાલુકાઓના ગામડાઓને જોડતો આપુલ નવો બની જતાં લોકોમાં આનંદની લાગણી ફેલાઇ હતી.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

જિલ્લાના તાપમાનમાં વધઘટનો દોર આજે પણ યથાવતરહ્યો છે. ગઇકાલની સરખામણીએ આજે ભુજ અને કંડલામાં તાપમાનનો પાર નીચો ઉતર્યો છે. જ્યારેનલિયામાં લઘુત્તમ તાપમાન 1 ડિગ્રીના વધારા સાથે 11 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાતા રાજ્યનાશિતમથકોની યાદીમાં પ્રથમ ક્રમાંકે રહ્યું હતું. ભુજમાં 14.8 અને કંડલામાં 16.5

ડિગ્રીલઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયું છે. આગામી દિવસોમાં વાતાવરણ સુકુ રહેશે અને ઠંડીમાં આંશિકવધારો થશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

---